1> મટીરીયલ મેનેજમેન્ટ પર ટૂંક નોંધ લખો.

જવાબ: મટીરીયલ મેનેજમેન્ટ એક વ્યવસ્થાતંત્રને લગતો સામાન્ય ખ્યાલ છે. જેમાં મટીરીયલોના ફ્લોને મુખ્યત્વે લાગુ પડતી સત્તા અને જવાબદારી ફક્ત એક મેનેજરની જ હોય છે. મટીરીયલ ફ્લો માટેની ખરીદી, ઉત્પાદન, આયોજન, શિડ્યુલિંગ, મટીરીયલ, રિસીટ, ઈન્વેન્ટરી નિયંત્રણ, જેવી તમામ પ્રવૃત્તિઓની જવાબદારી અને સત્તા મટીરીયલ મેનેજરની હોય છે. કસ્ટમર ડિલિવરી મારફત જરૂરિયાતને મુકરર કરીને તે મુજબ મટીરીયલનો ફ્લો અને કન્ટ્રોલ પદ્ધતિસર જાળવવાની વ્યવસ્થાતંત્રના સમગ્ર માળખાની એક જ જવાબદારી પ્રસ્થાપિત કરવાની સર્વસામાન્ય માન્યતાને મટીરીયલ મેનેજમેન્ટ કહે છે.

2> ઈન્વેન્ટરી કંટ્રોલ સમજાવો.

જવાબ: કાચા માલ, ટુલ્સ અને જનરલ સપ્લાયનું આયોજન કરી તેનું લેવલ જાળવે છે. પ્રક્રિયા અને નિર્માણ કરેલ પ્રોડક્ટ્સ ઉપર સતત દેખરેખ રાખે છે. સિલેક્ટિવ ઈન્વેન્ટરી નિયંત્રણની રીત અપનાવી ઈકોનોમિક ઓર્ડર ક્વોન્ટીટી અને ઈકોનોમિક પ્રોડક્શન ક્વોન્ટીટીની ગણતરી કરે છે. કાર્ય સાથે સાંકળીને ક્યારે અને કેટલો ઓર્ડર કરવો તે નક્કી કરે છે. ડિમાન્ડને અનુરૂપ મટીરીયલોની જરૂરિયાતનું આયોજન કરે છે. આમ ઈન્વેન્ટરી કંટ્રોલ વિભાગ ઈકોનોમિક ઓર્ડર સંખ્યા અને ઈકોનોમિક ઉત્પાદન સંખ્યાની ગણતરી કરે છે. જુદી-જુદી આઈટમોના મહત્તમ અને લઘુત્તમ લેવલ તે મુકરર કરે છે. સમયસર ખરીદી કરવા અને મૂડીરોકાણને નિયંત્રિત કરવા માટે મહત્તમ અને લઘુત્તમ લેવલો મુકરર કરવા જરૂરી છે. ખરીદી માટે જુદી-જુદી રીતો પૈકીની દરેક વર્ગના મટીરીયલ માટે યોગ્ય રીત અપનાવી ચોક્કસ સમયે ખરીદી માટેની પ્રક્રિયા કરે છે.

Date ______
Page ______

3) મટીરિયલ મેનેજમેન્ટમાં સ્ટોર્સ નું મહત્વ જણાવો.

જવાબ મટીરિયલોને રીસીવ કરી સંગ્રહવાનું અને ઇસ્યુ કરવાનું કાર્ય સ્ટોર્સનું છે સ્ટોર્સને રિસિવિંગ સેકશન ટૂલ સ્ટોર્સ, જનરલ સ્ટોર્સ, કાચા માલનો સ્ટોર્સ, ફિનિશ્ડ પાર્ટસના સ્ટોર્સ વગેરે સેકશનોમાં વિભાજીત થાય છે તેમજ પ્રોડક્ટ અને સેવાઓનું નિર્માણ કરતા ઔદ્યોગિક સાહસમાં સ્ટોર્સ દ્વારા સ્ટોકની પ્રવૃતિઓ મેળવવામાં આવે છે. તેના વિના - સ્ટોર્સ માં મોટા ઉદ્યોગો કાર્યક્ષમ રીતે સંચાલિત કરી શકાતા નથી.

આમ ઉદ્યોગના ઓપરેટિંગ કાર્ય માટે કરકસર યુક્ત રીતે સેવાઓ પ્રદાન કરવાના સ્ટોર - કીપિંગનો મુળ હેતુ છે સ્ટોર - કીપિંગમાં મુળભુત પ્રવૃતિઓ જેવી કે મટીરિયલોની મેળવણી અને જ્યારે ઉપભોક્તા વિભાગો માંગે ત્યારે મટીરિયલો ઇસ્યુ કરવાની હોય છે

4> પરચેસીંગ પર ટૂંક નોંધ લખો.

જવાબ ખરીદી મટીરીયલ મેનેજમેન્ટનું અતિ - આવશ્યક કાર્ય છે મટીરીયલ પ્લાન મંજુર કર્યા પછી અને મટીરિયલ બજેટ બનાવ્યા પછી પરચેસીંગ વિભાગની એ જવાબદારી છે કે ઉત્પાદન પ્લાન મુજબ સમયસર સારી ગુણવત્તાવાળું અને ચોક્કસ જથ્થામાં મટીરિયલ ખરીદી આપવું ને અન્ય વિભાગોની જરૂરિયાત મુજબ જરૂરી મટીરિયલો ખરીદ કરવાની ભૂમિકા પરચેસીંગ વિભાગની છે ઇન્વેન્ટરી પાઇપલાઇન મારફત પ્રોડક્શન વિભાગ સુધી બાહ્ય સ્ત્રોતો કે સપ્લાયર પાસેથી મટીરિયલોનો ફ્લો સ્થાપિત થાય છે માટે પરચેસિંગ વિભાગ ખુબ જ સંકળાયેલો છે. યોગ્ય જથ્થા અને ગુણવત્તાવાળું મટીરિયલ ઉત્પાદન ખર્ચ ઘટાડે છે તેમજ પ્રોડક્ટની ગુણવત્તા વધારે છે આથી જ પરચેસિંગ મેનેજરની ભૂમિકા આધાર - બિંદુ જેવી છે

Date ________
Page ________

5) સ્ટોરકીપરની ફરજો જણાવો.

જવાબ
1) આઇડેન્ટિફિકેશન ઓફ મટીરિયલ્સ
2) રિસિપ્ટ ઓફ મટીરિયલ્સ
3) સ્ટોરેજ
4) ઇન્સ્પેક્શન
5) મટીરિયલ વેરિફિકેશન
6) સ્ટોર રેકિંગ
7) ઇશ્યુ અને ડિસ્પેચ
8) રેકોર્ડ કીપીંગ
9) એકાઉન્ટિંગ
10) પ્રિઝર્વેશન
11) પ્રોટેક્શન ઓફ મટીરિયલ્સ
12) ઇન્વેન્ટરી કંટ્રોલ
13) પરચેઝ ઓફિસરને સલાહ આપવી.

6) સેન્ટ્રલાઇઝ્ડ સ્ટોરના ફાયદા અને ગેરફાયદા લખો.

જવાબ
ફાયદા :-
-> સુપરવિઝન અને નિયંત્રણ વધુ સારું મળી શકે
-> સ્ટોરનો વધુ સારો લે-આઉટ હોય છે.
-> ઇન્વેન્ટરી તપાસણીની સુવિધા હોય છે
-> લઘુત્તમ લેવલ સુધીનો સ્ટોર્સ મળવી શકાય છે.
-> ઓવરમાં બગાડ ઘટે છે
-> સુરક્ષાની સારી વ્યવસ્થા ગોઠવી શકાય છે.

ગેરફાયદા :-
-> દરેક ઉત્પાદક એકમની પાસે સ્ટોર રાખી શકતાં નથી
-> મટીરિયલ હેન્ડલિંગના પ્રશ્નો વધે છે.
-> નાના સેટ અપ માટે જ તેનો ઉપયોગ કરી શકાય છે
-> દૂરના ડિપાર્ટમેન્ટોને હેવી અને મોટી સાઇઝનાં મટીરિયલોને પહોંચાડવામાં મુશ્કેલી પડે છે.

## ડિ-સેન્ટ્રલાઈઝ્ડ સ્ટોરના ફાયદા અને ગેરફાયદા લખો.

**ફાયદા :-**

-> મટીરિયલ હેન્ડલિંગ અને તેનો લગતો ખર્ચ ઘટે છે

-> દરેક ડિપાર્ટમેન્ટને મટીરિયલની ડિલિવરી સુગમતાથી મળી રહે છે

-> આગ અને ચોરીથી નુકશાન થવાનું જોખમ ઘટે છે

-> મટીરિયલ જોઈએ ત્યારે સરળતાથી પ્રાપ્ત થતું હોવાથી પ્રોડક્શન અટકી જવાની સંભાવનાઓમાં ઘટાડો થાય છે

**ગેરફાયદા :-**

-> સુપરવિઝન અને સ્ટોર નિયંત્રણ સારા મળતા નથી.

-> સ્ટોરનો લે-આઉટ સારો મળતો નથી

-> લઘુતમ સ્ટોક મેળવવામાં મુશ્કેલી પડે છે

-> આદિમાંનો બગાડ વધે છે

-> સુરક્ષા વ્યવસ્થા સારી રીતે ગોઠવવા માટેની મુશ્કેલી અનુભવાય છે

## 6> બિન-કાર્ડ સમજાવો.

જવાબ: માલસામાન કે મટીરિયલની રિસિપ્ટ, ઈસ્યુ કે ટ્રાન્સફરનો રેકોર્ડ બિન-કાર્ડમાં રાખવામાં આવે છે આ બિન-કાર્ડ સ્ટોરમાં જ્યાં તેમાં દર્શાવેલ માલ-સામાન કે મટીરિયલ સંગ્રહવામાં આવેલ હોય તે બિન કે રેકમાં સ્ટોરની અંદર જ રાખવામાં આવે છે દરેક મટીરિયલ માટે સેપરેટ બિનકાર્ડ અથવા સ્ટોક કાર્ડ રાખવામાં આવે છે તેમાં સ્ટોરકીપર દ્વારા વપરાતો વખત અપ ટુ ડેટ નોંધ કરવામાં આવે છે દરેક સેલ્ફ અથવા બિનની સાથે બિનકાર્ડને લગાડવામાં આવે છે બિનકાર્ડને રેકોર્ડ તરીકે ધ્યાનમાં લેવાતું નથી પરંતુ તે સ્ટોક વિશેની માહિતી સ્ટોરકીપરને આપે છે તેને પણ બે નકલમાં બનાવાય છે

૧૮ ઈન્વેન્ટરી કંટ્રોલ પર ટૂંક નોંધ લખો.

જવાબ પ્રોડક્ટનું ઉત્પાદન કરવા તેમજ મશીનો અને ઈક્વિપમેન્ટ્સને કાર્યકારી સ્થિતિમાં નિભાવવા માટે જરૂરી મુવેબલ આઈટમોના વિગતવાર લિસ્ટને ઈન્વેન્ટરી કંટ્રોલ કહે છે. આ લિસ્ટમાં દરેક આઈટમોની સંખ્યા તેમજ કિંમતો દર્શાવેલી હોય છે. આથી ઈન્વેન્ટરી ટુલ્સ મટીરીયલ્સ અને અન્ય કન્ઝયુમેબલ આઈટમોમાં સ્ટોર રૂમની અંદર મુકી રાખેલા ખરેખર નાણાં કહે છે

૧૯ ABC એનાલીસીસ સમજાવો.

જવાબ ABC પૃથક્કરણ મુળભુત આંકડાકીય ગણતરી છે જે સંચાલનને જ્યાં ઉત્તમ પરિણામો મળી શકે તેમ હોય ત્યાં પ્રયત્નો કરવાની દિશા બતાવે છે. મટીરિયલ મેનેજમેન્ટ જ્યાં પસંદગીના ક્ષેત્રમાં નિયંત્રણ કરવું હોય ત્યાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. ઈન્વેન્ટરી, ક્રિટિકલ આઈટમ, જુનવાણી સ્ટોક, ખરીદના સ્ટોક, ખરીદીના ઓર્ડર, મટીરિયલ રિલીઝ, ઈન્સ્પેક્શન, સ્ટોર કિપિંગ અને બિલ વેરિફિકેશન વગેરે માટે આ પૃથક્કરણ ઉપયોગી છે.

કોઈપણ ઉદ્યોગના વાર્ષિક કન્ઝમ્પશનનું પૃથક્કરણ કરવાથી ઉચ્ચ કિંમતની આઈટમો જેની સંખ્યા કન્ઝમ્પશનના 10 ટકા જેટલી જ હોવા છતાં તેના માટે થતું મુડીરોકાણ 75 ટકાથી વધારે હોય છે તેવું તારણ કાઢી શકાય છે. આવી થોડી સંખ્યાની આઈટમોને A-કલાસ આઈટમો કહે છે. આવી આઈટમો માટે મટીરિયલ મેનેજરના કાળજીપુર્વકના નિયંત્રણની જરૂર પડે છે.